# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/259 Dt. 22/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સ્માર્ટ સપ્લાય ચેઈન કોન્કલેવ યોજાયો

## રિલાયન્સના રવિકુમાર નાયરે સપ્લાય ચેઈનની આંટીઘૂંટી સમજાવી

## સપ્લાય ચેઈન વ્યવસ્થા સ્થિતિસ્થાપક અને ગતિશીલ હોવી જોઇએ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સ્માર્ટ સપ્લાય ચેઇન વિષય પર એક માહિતીપ્રદ કોન્કલેવનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના હેડ સપ્લાય ચેઇન શ્રી રવિકુમાર નાયરે સ્માર્ટ સપ્લાય ચેઇન વિષય પર વિગતવાર અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

એસજીસીસીઆઈના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે આ કોન્કલેવ માટે શ્રી રવિકુમાર નાયરનું નામ ચેટજીપીટીએ સૂચવ્યું હતું. તેમણે ચેમ્બરની વિવિધ પ્રવૃત્તિઓ અને આગામી કાર્યક્રમો વિશે માહિતી આપી હતી.

શ્રી રવિકુમાર નાયરે કહ્યું કે, ૧૫–૨૦ વર્ષ પહેલાં સપ્લાય ચેઈનનો અલગ વિભાગ કોઇ કંપનીમાં રહેતો ન હતો. સપ્લાય ચેઈન પોતાની રીતે એક વિજ્ઞાન છે અને તે કંપનીની નફાકારકતા નક્કી કરે છે, સંપૂર્ણ કાર્યદક્ષતા તેનાથી આવે છે. તેમણે તાજેતરની ફ્લાઇટ્સ કટોકટીનો ઉલ્લેખ કરી કહ્યું કે આનાથી સપ્લાય ચેઈનનું મહત્વ

સમજાઈ જશે. નેશનલ લોજિસ્ટિક પોલિસીમાં લોજિસ્ટિક ખર્ચ સિંગલ ડિજિટમાં લાવવાનો લક્ષ્યાંક છે. તેમાં મલ્ટી મોડલ લોજિસ્ટિક પર ભાર મૂકાયો છે. ૬૦૦ કિમીથી વધુની માલસામાનની હેરફેર રેલવે દ્વારા કરવાથી ખર્ચ બચે છે. સપ્લાય ચેઈનમાં ચાર પિલર્સ મહત્વના છે જેમાં કસ્ટમર અને કૉસ્ટ મુખ્ય છે. તેમણે સપ્લાય ચેઈનમાં વેન્ડર્સ પોર્ટલ, ઓટોમેશન, ટૂલ્સ, યુલિપમાંથી વાહનનો ડેટા પુલ કરવો, જીપીએસ, એઆઈ કેમેરા વગેરે વિશે માર્ગદર્શન આપી સપ્લાય ચેઈનમાં ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો હતો. કોઇ પણ કંપનીની સપ્લાય ચેઈન નીતિ સ્થિતિસ્થાપક અને ગતિશીલ હોવી જોઈએ.

તેમણે ઉદ્યોગકારો, વ્યવસાયિકોના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. એસજીસીસીઆઈના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા.